| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Tartam | 02 | 04-08-2014 |

# એસ્સારના સહયોગથી પત્રકારના પરિવારજનો માટે સ્વાસ્થ્ય શિબિર યોજાઇ

એસ્સાર ગ્રુપ હંમેશા સ્વાસ્થ્ય અંગે જાગૃત રહયું છે. પછી તે કંપનીના કર્મીઓ હોય કે સમાજનો સામાન્ય જન આજે રોગ સામે સમયસર ઇલાજ કરાવી શકાય તે માટે શરીરની તબીબી ચકાસણી નિયમિત કરાવવી તે આવશ્યક છે એવું એસ્સાર પાવર ગુજરાત લી.ના એમ.ડી. રમેશકુમારે જામનગરમાં એસ્સાર ગ્રુપના સહયોગથી જામનગર પત્રકાર મંડળે યોજેલ સ્વાસ્થ્ય શિબિરમાં જણાવ્યું હતું.

સમાજ માટે હંમેશા જાગૃત રહેતા પત્રકારો તથા તેના પરિવારજનો માંનસિક દબાણનો સતત સામનો કરતા હોય છે, ત્યારે તેઓનું સ્વાસ્થ્ય નિરોગીમયી બની રહે તેવા ઉમદા હેતુથી એસ્સાર ગ્રુપના સહયોગથી જામનગર પત્રકાર મંડળ દ્વારા ગોકુલ ન્યુટેક હોસ્પિટલમાં તબીબી ચકાસણી અંગેની શિબિર યોજવામાં આવી હતી જેમાં પત્રકારોની સાથે તેમના પરિવારજનોની વિવિધ પ્રકારની મહત્વની તબીબી ચકાસણી કરાઇ હતી.

શિબિરમાં દિપ પ્રાગટય વિધ પછી એસ્સાર પાવર ગુજરાત લિ.ના એમ.ડી. રમેશકુમારે જણાવ્યું હતું કે, આજે ફાસ્ટફુડ જંકફુડના સેવનથી નાની ઉંમરે શરીર અનેક રોગોનું ઘર બની જાય છે ત્યારે આવા રોગોના સામના માટે તબીબી ચકાસણી સમયસર કરાવવી જરૂરી છે. આ અંગે પત્રકાર મંડળની જાગૃતતા બિરદાવવા લાયક છે.

જામનગર પત્રકાર મંડળના પ્રમુખ ભરત રાવલે પત્રકાર પરિવારના સ્વાસ્થ્યની ચિંતા કરી તબીબી ચકાસણી શિબિરમાં સહયોગ આપવા અંગે એસ્સાર પરિવારને ધન્યવાદ આપ્યા હતા. મંત્રી સંજય એમ. જાનીએ એસ્સાર ગ્રુપ દ્વારા



દરેક સારા કામમાં સહયોગ મળતાં કંપનીના સામાજિક ક્ષેત્રના કાર્યોને બિરદાવ્યા હતા. પત્રકારિત્વના વ્યવસાયમાં સમયના અભાવે જાત-જાતના રોગો ઘર કરી ન જાય તે માટે તંદુરસ્તી અને મનદુરસ્તી અંગે જાગૃતતા દાખવી ઘણી જરૂરી છે. વેદમાં સ્વાસ્થ્ય વિશે સર્વેનું કલ્યાણ ઇચ્છવામાં આવ્યું છે તેજ રીતે અમે પણ પત્રકારો તંદુરસ્ત વિશે સર્વેનું કલ્યાણ ઇચ્છવામાં આવ્યું છે તે જ રીતે અમે પણ પત્રકારો તંદુરસ્ત અને સ્વસ્થય રહે તેવું ઇચ્છીએ છીએ અને એસ્સાર દ્વારા હંમેશા આ પ્રકારના સ્વાસ્થ્ય કાર્યક્રમો થતા રહે છે. એવું સી.આર.જી.ના ગુજરાતના હેડ જયોતિન્દ્ર વચ્છરાજાનીએ જણાવ્યું હતું. કબીરની ચોપાઇના ઉદાહરણ સાથે એસ્સાર એનર્જીના ઓપરેશન હેડ નારદાસીંગે જણાવ્યું હતું કે સતત દોડા-દોડ કરતા પત્રકારિત્વન ક્ષેત્રમાં સંકળાયેલા પત્રકારોએ સ્વાસ્થ્ય અંગે જાગૃત કરી સમાજનું નિર્માણ કરવાનું છે. આ તકે ગોકુલ ન્યુટેક હોસ્પિટલના વડા ડૉ. પ્રકાશ મોઢાએ તબીબી ચકાસણી નિયમિત કરાવવા અંગેની સમજ આપતા જણાવ્યું હતું કે, એસ્સાર પરિવારે પત્રકારોના સ્વાસ્થ્યની ચિંતા માટે જેમ જાગૃતિ બતાવી છે તેમ અમે પણ પત્રકારોના સ્વાસ્થ્ય સહયોગી બનતા રહીશું.

શિબિરનું સંચાલન કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટના હેડ ડૉ. જોગીન જોષીએ કર્યું હતુ. જયારે શિબિરની સફળતા માટે પત્રકાર મંડળના સૌ સભ્યો, સી.આર.જી. ના જોઇન્ટ મેનેજર જયેશ ઘાનકી તેમજ હોસ્પિટલના સુપ્રિ. ડૉ. જ્ઞાન